ગાંધીનગર સમાચાર

# કાળા નાણાં મામલે ઝડપી કાર્યવાહી માટે સુપ્રીમનો હુકમ

## ૩૧મી માર્ચ સુધી આઈટી કાર્યવાહી પૂર્ણ કરવા કેન્દ્રને મહેતલ

નવી દિલ્હી,તા. ૩

સુપ્રીમ કોર્ટે કાળા નાણાંના કેસમાં તપાસ કરવા નિમવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમને કેન્દ્ર સાથે તપાસના સ્ટેટ્સ રિપોર્ટની નકલની વહેંચણી કરવાનો આદેશ કર્યો હતો. સાથે સાથે અરજીદારની વિનંતી પર વિચારણા કરવા પણ સીટને સુચના આપી હતી. સુપ્રીમ કોર્ટે કાળા નાણા ધરાવનાર લોકો સામે આઈટી તપાસ અને કાર્યવાહી માર્ચ ૨૦૧૫ સુધી પરિપૂર્ણ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારને આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે સુચના આપી છે. જે નામ મળ્યા છે તે મામલામાં આઈટી કાર્યવાહી ઝડપથી આગળ વધારવા કહેવાયું છે. આવી કાર્યવાહી પૂર્ણ કરવા એક મહેતલ આપી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ૨૦મી જાન્યુઆરીના દિવસે મામલાની વધુ સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. અગાઉ એવી અપેક્ષા હતી કે, સીટ આજની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ બીજો અહેવાલ રજુ કરશે. પરંતુ સીટે કહ્યું હતું કે, ગુનેગારો મોટા કે નાના હોવાની સ્થિતિમાં તે તપાસ કરશે. સીટનું કહેવું છે કે તેના દ્વારા એચએસબીસી બેંકના ૬૦૦ ખાતાધારકો અંગેના નામ મેળવવામાં વ્યવસ્ત છે. આ નામ તપાસ માટે નવેમ્બર મહિનામાં સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપાયા હતા. સરકાર તરફથી ઉપસ્થિત રહેલા એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ એચએસબીસી બેંકમાં ખાતા ધરાવનાર ૬૨૭ લોકોના નામની યાદી સુપ્રત કરી હતી. આ નામ અગાઉ સીટ સાથે વહેંચવામાં આવ્યા હતા. કાળા નાણાંના કેસમાં તપાસ કરવા સીટ ટુકડી જવાબદાર છે. જુદા જુદા સભ્યો સાથે સંકલન કરીને વિદેશમાં રહેલા કાળા નાણાં પરત લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ વર્ષે ઓગસ્ટ મહિનામાં સીટે તેનો પ્રથમ અહેવાલ રજુ કર્યો હતો. કાળા નાણાંના મુદ્દે મોદી સરકારની પ્રતિષ્ઠાને પણ ફટકો પડ્યો છે કારણકે ચુંટણી પ્રચાર દરમિયાન કાળા નાણાંને પરત લાવવાનો મુદ્દો મોદીએ જોરદાર રીતે ઉઠાવ્યો હતો.



# રમણસિંહની હકાલપટ્ટીના ભણકારા

નવી દિલ્હી,તા. ૩

છત્તિસગઢના મુખ્યપ્રધાન રમણસિંહ હાલમાં ટિકા ટિપ્પણીનો સામનો કરી રહ્યા છે. તેમની મુખ્યપ્રધાનપદેથી હકાલપટ્ટી કરવાની માંગ ઉઠી રહી છે. પોતાના રાજ્યમાં સતત થઈ રહેલા હુમલાના કારણે તેમની ટિકા ચારેબાજુ થઈ રહી છે. હવે તેમના રાજીનામાની માંગ ઉઠી રહી છે. માઓવાદી હુમલાને રોકવામાં તેઓ નિષ્ફળ રહ્યા હોવાનો કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો આક્ષેપ કરી રહ્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ ૧૦મી ડિસેમ્બરના દિવસે રાયપુર પહોંચી રહ્યા છે. જયા તેઓ પક્ષના ધારાસભ્યો સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરનાર છે. એક વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યું છે કે આગામી થોડાક સપ્તાહમાં મોટા ફેરફાર થઈ શકે છે. મુખ્યપ્રધાનને પણ કઠોર સંદેશ આપવામાં આવી શકે છે. કોંગ્રેસ દ્વારા લોકસભામાં રાજ્ય સરકારને દુર કરવાની જોરદાર માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુકમામાં વધુ એક ભીષણ માઓવાદી હુમલો કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર પણ હચમચી ઉઠી છે. હવે સરકાર પર પ્રહારો થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પણ હુમલા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી ચુકી છે. હવે રમણસિંહની સામે ભાજપમાં પણ નારાજગી દેખાઈ રહી છે. અનેક ધારાસભ્ય અને કાર્યકરો ભારે નાખુશ દેખાઈ રહ્યા છે.રમણસિંહનો બચાવ કરવામાં હવે ભાજપના નેતાઓને પણ મુશ્કેલી નડી રહી છે. કારણ કે નક્સલી હુમલાને રોકવા માટે કોઈ મોટા પગલા લેવામાં આવ્યા નથી. હુમલા જારી રહ્યા છે. હુમલાની સાથે સાથે હથિયારોની લુટ પણ માઓવાદી ચલાવી રહ્યા છે. લોકોમાં ભારે દહેશત હાલમાં ફેલાયેલી છે.



## સલમાનના આલ્કોહોલ માટેનો ટેસ્ટ પોઝિટીવ

મુંબઈ,તા.૩

બોલીવુડ સ્ટાર સલમાન ખાનની મુશ્કેલીમાં આજે વધારો થયો હતો. કારણકે નિષ્ણાંતોએ આજે કોર્ટમાં કહ્યું હતું કે, હિટ એન્ડ રન કેસના મામલામાં તપાસનો સામનો કરતા સલમાનના બ્લડ આલ્કોહોલ ઘટકતત્વોનું પ્રમાણ ઉંચું હોવાનું જાણવા મળ્યું છે. સલમાનના આલ્કોહોલ ઘટક તત્વો માટે ટેસ્ટ પોઝીટીવ આવતા તેની મુશ્કેલીમાં વધારો થયો છે. આજે મુંબઈમા સેશન કોર્ટ સમક્ષ એક ફોરેન્સિક નિષ્ણાંતે માહિતી આપતા કહ્યું હતું કે, સલમાનના લોહીમાં આલ્કોહોલના ઘટક તત્વો બનાવવેળા મંજુરી આપવામાં આવે તેની મર્યાદા કરતા વધારે હતા. એક અગ્રણી અખબારમાં જણાવાયું છે કે, સલમાનના લોહીમાં આલ્કોહોલના ઘટકતત્વોનું પ્રમાણ ૬૨ એમજી જેટલું નોંધાયું હતું. જે ૩૦ એમજીની મંજુરી આપવામાં આવેલી મર્યાદા કરતા ડબલ છે. સલમાન હિટ એન્ડ રન કેસમાં તપાસનો સામનો કરી રહ્યો છે. અભિનેતાની ગાડી બાન્દ્રા પશ્ચિમની સામે બેકરીમાં ઘુસી જતાં ફુટપાથ ઉપર ઉંઘી રહેલા એકનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા આને લઈને દેશભરમાં હોબાળો થયો હતો. હિલ રોડ ખાતે આ બનાવ બન્યો હતો.



ફોરેન્સિક નિષ્ણાંતોનું કહેવું છે કે, સલમાન ખાનના મામલામાં ઉંડી તપાસ આલ્કોહોલને લગતા ટેસ્ટમાં પણ કરવામાં આવી છે. ૨૦૦૨માં આ બનાવ બન્યો હતો. આલ્કોહોલ માટે ટેસ્ટ પોઝીટીવ આવ્યા બાદ સલમાનના કરોડો ચાહકોમાં પણ આને લઈ ચર્ચા છે. દોષિત જાહેર થવાની સ્થિતિમાં કઠોર સજા કરવામાં આવી શકે છે.

## દિલ્હીમાં સ્કુલ પ્રાંગણમાં રેપની ઘટનાથી ચકચાર

નવી દિલ્હી,તા.૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૧૫ વર્ષીય સગીરા ઉપર સિનિયર વિદ્યાર્થી દ્વારા બળાત્કાર કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. સ્કુલના પ્રાંગણની અંદર જ આ બનાવ બન્યો હોવાનું જાણવા મળેલ છે. ઉત્તર પશ્ચિમ દિલ્હીમાં રોહિણીમાં આ બનાવ બન્યો છે. આરોપી વિદ્યાર્થી ૧૭ વર્ષનો છે અને તે ૧૧માં ધોરણમાં અભ્યાસ કરે છે. તે બુધવારે સવારે ઘરથી ફરાર થઈ ગયો હતો. પ્રશાંત વિહાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેસ નોંધીને તપાસ હાથ ધરાઈ છે. એફઆઈઆર નોંધાયા બાદ ઉંડી તપાસ ચાલી રહી છે. આ બનાવ મંગળવારના દિવસે બન્યો હતો. સુત્રો દ્વારા બનાવ કઈ જગ્યાએ બન્યો તેને લઈને વિરોધાભાષ છે. કેટલાક સુત્રોએ ક્લાસરૂમ અને અન્ય કેટલાક સુત્રોએ વોશરૂમમાં બનાવ બન્યો હોવાની માહિતી આપી છે. જોકે પોલીસનું નિવેદન હજુ જાણી શકાયું નથી. પોતાની ફરિયાદમાં કિશોરીએ કહ્યું છે કે, મહત્વના પ્રશ્ને ચર્ચા કરવા મળવાના બહાને તેને આ શખ્સે રોકી હતી. બનાવને લઈને માતા-પિતાને કિશોરીએ જાણ કરી હતી ત્યારબાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# શારદા ચીટ કાંડ મામલે મમતાની પૂછપરછ કરવાની ઉગ્ર માંગ

કોલકત્તા,તા. ૩

શારદા ચીટ કૌભાંડને લઈને પશ્ચિમ બંગાળમાં રાજકીય ગરમી વધી રહી છે. હવે આ કૌભાંડના મામલામાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પૂછપરછની જોરદાર માંગ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ ડાબેરી મોરચાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. મૂડીરોકાણકારો સાથે છેતરપીંડી મુદ્દે તેઓ મોદી સાથે વાત કરવા ઈચ્છુક છે. પશ્ચિમ બંગાળ ડાબેરી મોરચાના વડા બીમન બોસનું કહેવું છે કે, ટીએમસીના બે સાંસદોની શારદા કૌભાંડના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી ચુકી છે. મુખ્યમંત્રીની કેમ પૂછપરછ સીબીઆઈ દ્વારા કરાઈ



નથી કારણકે તેઓ ટીએમસીના વડા છે. સીબીઆઈએ તરત જ મુખ્યમંત્રીની ધરપકડ કરવી જોઈએ અને પૂછપરછ કરવી જોઈએ. એક રેલીમાં બીમને આ મુજબની વાત કરી હતી. સીબીઆઈ અને કેન્દ્રીય તપાસ સંસ્થાઓએ શારદા ચીટ ફંડ કૌભાંડના કારણે કોને ફાયદો થયો તે અંગે માહિતી આપવી જોઈએ. દરમિયાન સીપીઆઈએમના પોલીટબ્યુરોના સભ્યો અને રાજ્યના વિપક્ષના નેતા સુર્યકાંત મિશ્રાએ મોદીને પત્ર લખીને ડાબેરી મોરચા પ્રતિનિધિ મંડળ માટે સમય આપવાની માંગ કરી છે. કરોડો રૂપિયાના શારદા કૌભાંડને લઈને તપાસ ચાલી રહી છે. દરમિયાન સીપીઆઈએ પણ આક્રમક વલણ અપનાવ્યું છે અને મમતા બેનર્જી ઉપર દબાણ વધાર્યુ છે. આવનાર દિવસો મમતા બેનર્જી માટે પડકારરૂપ સાબિત થશે.

## શરદ પવાર મકાનમાં પડી જતાં ઈજા

મુંબઈ,તા. ૩

એનસીપીના વડા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી શરદ પવારને આજે એર એમ્બ્યુલન્સ મારફતે મુંબઈ ખસેડાયા હતા. તેમના આવાસ ઉપર પડી ગયા બાદ તેમને ઈજા થઈ હતી. તેમના પગ અને પીઠના નીચેના હિસ્સામાં ઈજા થઈ હતી. તેમને વિલે પાર્લેમાં સ્થાનિક એરપોર્ટ પર લઈ જવાયા હતા. પવારને આજે ભુલાભાઈ દેસાઈ રોડ ખાતેની બિચકેન્ડી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં અન્ય આરોગ્ય ચકાસણી માટે પણ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કિંગએર-બી-૨૦૦ એમ્બુલેન્સ મારફતે લઈ જવાયા હતા. પવારને સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યા બાદ સમર્થકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. બ્રિચકેન્ડીમાં તબીબોએ કહ્યું છે કે તેઓ સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ સારવાર અંગે નિર્ણય કરશે.



## સમાચાર ઝલક

- તા. ૨૫મી ડિસેમ્બર અટલ બિહારી બાજપાઈનો જન્મદિવસ 'ગુડ ગર્વર્નન્સ' તરીકે ઉજવાશે.
- જાહેરાતો દ્વારા જંગી આવક મેળવવા રેલવેના પ્રયાસો : નવા રેલવે પ્રધાન શ્રી સુરેશ પ્રભુની યોજના.
- અમદાવાદમાં ઈસરો દ્વારા ૮૬૫ કરોના ખર્ચે તૈયાર થયેલો ઉપગ્રહ તા. ૫મી ડિસેમ્બરે લોન્ચ કરાશે.
- શકિતકપુરની ૭૦૦થી વધારે ફિલ્મો બનેલ છે. ગ્રીનીચ વર્લ્ડ રેકોર્ડ બુકમાં સ્થાન મળે તેવી શકયતા.
- ભારત-ઓસ્ટ્રેલિયા પહેલી ટેસ્ટ હ્યુજના વતન એડિલેડમાં રમાશે.
- ખાદી ગ્રામોદ્યોગમાં હવે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામે વેચાતું જવાહર જેકેટ.
- મોરબીમાં એસ.ટી. બસ સ્ટેશન પર બસના કર્મચારીઓની ધાંધલ-ધમાલ.
- કચ્છમાં રણોત્સવનો પ્રારંભ સફેદ રણમાં વર્તાઈ રહ્યો છે પ્રવાસીઓનો ઉત્સાહ.
- ૧ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા લોકો ઈન્કમટેક્ષ ખાતાની નજરમાં.
- વિક્રમ સંવત ૨૦૭૧માં શાસ્ત્રોકત દ્દષ્ટિએ લગ્નોના શુભ મુહુર્તોનો દુષ્કાળ.
- મેંગ્લોરની ખાનગી બસમાં આગથી ૩ વ્યકિતઓ ભડથું થયા.
- રોગચાળાના ગંભીર ભરડામાં અમદાવાદ શહેર.
- વડોદરામાં લગ્ન મંડપમાં મહેમાનો દ્વરા રકતદાન-અંગદાન. નવ દંપતીએ રકતદાન કર્યું. ડોકટર પિતાનું અનોખું આયોજન.
- ટેક્ષટાઈલ મિલો ધમધમતી કરવા સરકાર સક્રિય બની છે.
- ડુંગળી ફરી રડાવે તેવા અણસાર.
- નરોડા પાટીયા પાસે બીઆરટીએસની ટકકર વાગતા પિતા પુત્રનું કરુણ મોત.
- નોકરીને લઈ અસંતોષથી ઘણી તકલીફો ઉભી થાય છે : સર્વે
- ભારત-બાંગ્લાદેશ સાથેનો જમીન વિવાદ ઉકેલવાની તૈયારીમાં.

### સઇદ મુંબઇ હુમલાનો માસ્ટરમાઇન્ડ છે

## કુખ્યાત હાફિઝ સઇદ માટે પાકિસ્તાનમાં હવે ખાસ ટ્રેન

લાહોર,તા. ૩

પાકિસ્તાનમાં મીનારે પાકિસ્તાન સ્મારક મેદાન ખાતે આવતીકાલથી ચાર દિવસીય સમ્મેલનને લઈને પાકિસ્તાનમાં અનેક ખાસ પગલા લેવામાં આવ્યા છે. દેશના સૌથી વિનાશકારી મુંબઈ હુમલામાં માસ્ટર માઈન્ડ તરીકે રહેલા ખતરનાક હાફિઝ સઈદ માટે પાકિસ્તાનમાં ખાસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જે સાબિત કરે છે કે પાકિસ્તાન ત્રાસવાદ પ્રત્યે ખુબ ઉદાસીન છે. પાકિસ્તાનમાં કટ્ટરપંથી નેતા હજુ પણ ફરી રહ્યા છે. હાફિઝ સઈદ નીત જમાત ઉદ દાવોને સત્તાવાર રક્ષણના સંકેત હેઠળ પાકિસ્તાનની સરકાર અહીં આ ત્રાસવાદી સંગઠનના બે દિવસીય ધાર્મિક કાર્યક્રમ માટે ખાસ ટ્રેનો દોડાવી રહી છે. જેનાથી સાબિત થાય છે કે પાકિસ્તાન ત્રાસવાદીઓને લઈને પગલા લઈ રહ્યું નથી. જમાત-ઉદ દાવાના પ્રમુખ સઈદે કહ્યું છે કે હજારો લોકો મીનાર એ પાકિસ્તાન સ્મારક મેદાન ખાતે પહોંચી રહ્યા છે. જેને લઈને તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. પાકિસ્તાન રેલવે વિભાગ સિંધ પ્રાંતના હૈદરાબદાથી આજે પ્રથમ ટ્રેન રવાના થઈ હતી. જે લાહોર પહોંચી રહી છે. અન્ય એક ટ્રેન કરાંચીથી રવાના થઈને ચોથી ડિસેમ્બરના દિવસે એટલે કે આવતીકાલે લાહોર પહોંચી જશે. બે ખાસ ટ્રેનો કાર્યક્રમની પૂર્ણાહુતિ થયા બાદ પરત લોકોને તેમના શહેરમાં પહોંચાડશે. સુત્રોએ કહ્યું છે કે જમાત ઉદ દવા નેતૃત્વ દ્વારા રેલવે પ્રદાન સાદ રફિક સમક્ષ ખાસ ટ્રેનો દોડાવવા માટે અપીલ કરી હતી. જેને સ્વીકારી લેવામાં આવી છે.



પાકિસ્તાન રેલવે પ્રવકતા રાઉફ તાહિરે કહ્યું છે કે રાજકીય અને ધાર્મિક સંગઠન તરફથી રજૂઆત કરવામાં આવ્યા બાદ ખાસ ટ્રેનો દોડાવવાનો નિર્ણય કરાયો છે. હાફિઝ ખતરનાક માસ્ટરમાઈન્ડ તરીકે રહ્યો છે. મુંબઈ હુમલામાં ૧૫૦થી વધારે લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા.

# નિરંજન જ્યોતિ પ્રશ્ને સંસદમાં ફરીથી હોબાળો : વિપક્ષ ખફા

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રીય પ્રધાન સાધ્વી નિરંજન જ્યોતિ દ્વારા કરવામાં આવેલા વાંધાજનક અને ઉશ્કેરણીજનક સુચનોને લઈ સંસદમાં ધાંધલ ધમાલનો દોર આજે પણ જારી રહ્યો હતો. વિરોધપક્ષોએ સંસદમાં હોબાળો મચાવ્યો હતો અને આ મુદ્દે વડાપ્રધાન મોદીના નિવેદનની માંગ કરવામાં આવી હતી. પ્રધાનના રાજીનામાની માંગ ઉપર મક્કમ સંયુક્ત વિરોધપક્ષે રાજ્યસભા અને લોકસભા બન્નેમાં કાર્યવાહીને અટકાવી હતી અને ખલેલ પહોંચાડી હતી. સતત બીજા દિવસે હોબાળો રહ્યો હતો. લોકસભામાં પ્રશ્ન કલાકની કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, વડાપ્રધાનને ગૃહમાં હાજર રહેવાની જરૂર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, જ્યોતિના રાજીનામા ઉપર અમે મક્કમ છીએ. તેમના વિવાદાસ્પદ સુચનો બદલ પ્રધાન મંડળમાંથી જ્યોતિની હકાલપટ્ટી કરવી જોઈએ. ખડગેની પ્રતિક્રિયા અંગે જવાબ આપતા ભાજપના સભ્યોએ કહ્યું હતું કે, મોદી સંસદીય પ્રક્રિયામાં હાજરી આપી રહ્યા છે. કોંગ્રેસની સાથે તૃણમૂલ કોંગ્રેસના સાંસદો અને અન્ય વિરોધપક્ષોના સાંસદો પણ જોડાયા હતા અને વડાપ્રધાન પાસેથી જવાબની માંગ કરી હતી. વૃંદાકારતે આ મુદ્દે વડાપ્રધાનના મૌન સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને પ્રધાન સામે ફોજદારી કાર્યવાહીની માંગ કરી હતી. વડાપ્રધાન કેમ ભયભીત દેખાઈ રહ્યા છે તેવો પ્રશ્ન વૃંદા દ્વારા કરાયો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર ઐયરે કહ્યું હતું કે વડાપ્રધાને એક પ્રધાન દ્વારા કરવામાં આવેલા આવા નિવેદન બદલ માફી માંગી લેવી જોઈએ. સાધ્વી નિરંજન જ્યોતિએ સોમવારના દિવસે દિલ્હીમાં એક રેલીને સંબોધતા વિવાદાસ્પદ સુચન કર્યા હતા. જેમાં તેમણે રામજાદોની સરકાર તેમને જોઈએ છે કે પછી ગેરકાયદે તોફાની તત્વોની સરકાર જોઈએ છે તેવો પ્રશ્ન કર્યો હતો. ત્યારબાદથી ભારે વિવાદ થયેલો છે. છેલ્લા બે દિવસથી સંસદની કામગીરી ખોરવાઈ ગઈ છે. આજે કેટલાક સભ્યોએ સંસદ કામગીરીનો બહિષ્કાર કર્યો હતો. લોકસભા અને રાજ્યસભાની કામગીરીને મોકુફ કરવાની ફરજ પડી હતી.

## સલમાન, આમીર, શાહરૂખ ફરી એક મંચ પર સાથે હશે

મુંબઈ,તા. ૩

અર્પિતા ખાનના લગ્ન પ્રંસગે એક સાથે નજેર પડ્યા બાદ હવે બોલિવુડના સૌથી મોટા ત્રણ ખાન સલમાનખાન, આમીરખાન અને શાહરૂખખાન ફરી એકસાથે નજરે પડનાર છે. તેમની વચ્ચે મિત્રતા હવે સતત વધી રહી છે. દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે રજત શર્માના ટીવી શોની ૨૧મી વર્ષગાંઠની ઉજવણી વખતે આ ત્રણેય સાથે આવ્યા હતા. હવે આ સોનુ પ્રસારણ સાતમી ડિસેમ્બરના દિવસે કરવામાં આવનાર છે. ઈન્ડિયા ટીવી ઉપર આનું જીવંત પ્રસારણ થશે. શાહરૂખ, આમિર અને સલમાનના ચાહકો માટે ખૂબ જ સારા સમાચાર છે. ત્રણેય ખાન એક મંચ પર આવશે. ઉજવણીના ભાગરૂપે શર્માએ ત્રણેય ખાન ઉપરાંત અન્યોને આમંત્રણ આપ્યું હતુ. રસપ્રદ બાબત એ છે કે સ્ટેજ પર ત્રણેય આવ્યા ત્યારે તેને ખાન કી અદાલત કહેવામાં આવ્યું હતું. સલમાનના લોકપ્રિય ડાન્સ ઉપર ત્રણેય ઝુમ્યા હતા. આ શોની પ્રશંસા કરતા સલમાને કહ્યું હતું કે, શર્માની ટીમ ભાવનાથી તે ખૂબ જ પ્રભાવિત છે. ૨૧ વર્ષ સુધી આ શોને સફળતા પૂર્વક ચલાવવામાં આવ્યો છે. આ ત્રણેય ખાન થોડાક દિવસ પહેલા જ સલમાનની બહેન અર્પિતાના લગ્નમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ફેસબુક દ્વારા વિદ્યાર્થીનીને ૧.૪ કરોડની જોબ ઓફર

મુંબઈ,તા. ૩

પ્લેસમેન્ટ સિઝનની શરૂઆત થઈ ગઈ છે. પ્રતમ દિવસે જ અગ્રણી આઈઆઈટી-મુંબઈ ખાતે ફેસબુક દ્વારા ત્રણ વિદ્યાર્થીઓને ૧.૪૨ કરોડના હાઈએસ્ટ પેકેજની ઓફર કરી હતી. આ ઓફ મેળવનાર ત્રણ વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થીનિ પણ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેમ્પસમાંથી આ વર્ષે મહાકાય સોશિયલ નેટવર્કિંગ સાઈટ દ્વારા રોકવામાં આવેલા પાંચ વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીની છે. ખડગપુરમાં પણ ટોપ ડીલ મેળવનારમાં મહિલા સામેલ છે. ટોપ ડીલ મેળવનાર ત્રણ આઈઆઈટીના ઉમેદવાર પૈકી એક મહિલા છે. મોટા ભાગના વિદ્યાર્થીઓને જંગી પેકેજની ઓફર આ વર્ષે કરવામાં આવી છે. કોમ્પ્યુટર સાઈન્સ વિભાગના વિદ્યાર્થીઓને સૌથી સારા પગારના પેકેજ મળ્યા છે. જો કે આ વિભાગમાં મહિલાઓની સંખ્યા હમેંશા ઓછી રહી છે. ઓછી સંખ્યામાં વિદ્યાર્થીની કેમ રહી છે તે અંગે ચિંતા કરવાની જરૂર નથી. પાંચ મહિલાઓ ખુબ સારી ઓફર મેળવી લેવામાં સફળ રહી છે. મહાકાય કંપની ગુગલ પાસેથી પેકેજ મેળવનાર મેઘનાએ માહિતી આપતા કહ્યું હતું કે તેને ૬૫ લાખનુ પેકેજ મળ્યું હતુ. બોનસ અને અન્ય લાભ પણ રહેશે.જુદા જુદી કંપનીઓ ભરતી કરવા માટે પહોંચી છે. ફેસબુકે હજુ સુધી સૌથી વદારે ૧.૪૨ કરોડની ઓફર કરી છઠે પરંતુ તેના પેકેજ પૈકી ૫૦ ટકા રકમ શેરના વિકલ્પ રૂપે છે. અન્ય જે કંપનીઓ પહોંચી છે તેમાં ગુગલ, માઈક્રોસોફ્ટ, સેમસંગ, કોરિયા, વીઝાનો સમાવેશ થાય છે. ગયા વર્ષની સરખામણીમાં પ્રથમ દિવસે અગ્રણી સંસ્થાઓમાં કરાયેલી ઓફરની સંખ્યામાં ૨૫-૫૦ ટકા સુધીનો વધારો થયો છે. સેંકડો કંપની પ્લેસમેન્ટમાં પહોંચી ચુકી છે. તેઓ આશાવાદી પણ છે. પ્લેસમેન્ટની પ્રક્રિયામાં મહાકાય કંપનીઓ પહોંચી છે જેમાં ગોલ્ડમેન, વિઝા, ફેસબુક, ગુગલનો સમાવેશ થાય છે. વીઝા ઈક દ્વારા આઈઆઈટી-બીમાંથી ૨૮ વિદ્યાર્થીઓને લેવામાં આવ્યા છે. જ્યારે ગોલ્ડમેન દ્વારા કેમ્પસમાંથી ૧૧ વિદ્યાર્થીઓની ભરતી કરાઈ છે. કેલીફોર્નિયામાં ફેસબુક તરફથી એકને ઓફર થઈ છે.